## સાંસદશ્રી ભરતભાઈ સુતરિયા, વિધાનસભા નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિક વેકરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં દેશભક્તિના રંગ છલકાયા

# ઐતિહાસિક ત્રિરંગા યાત્રા સાથે અમરેલી ત્રિરંગામય

### અમરેલીના માર્ગો પર અંદાજે ૫,૦૦૦થી વધુ નગરજનો સહભાગી થયા : યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરી દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ પારંપારિક વેશભૂષા સાથે કલાકારે પ્રસ્તુતિ કરી

### પોલીસ બેન્ડ, અશ્વ દળ અને કલાકારોના ટેબ્લો સાથે તિરંગા યાત્રા : હર ઘર તિરંગા યાત્રામાં અમરેલી જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ, શૈક્ષણિક, વિવિધ સંસ્થાઓ, વેપારીઓ પણ જોડાયાં : અભુતપુર્વ ઉત્સાહ







અમરેલી, આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સ્વાતંત્ર્ય પર્વના અવસરે 'હર ઘર તિરંગા' અભિયાનની ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે. અમરેલી જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ તેમજ વિવિધ શૈક્ષણિક, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓની ભાગીદારીથી અમરેલી શહેરમાં પણ 'તિરંગા યાત્રા' યોજાઈ હતી. આ કાર્યક્રમમાં અંદાજે ૫,૦૦૦થી વધુ નાગરિકો સહભાગી થયા હતા. ઓ તિરંગો લઈ 'ભારત માતા કી જય' ના નાદ સાથે શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થયા હતા. તિરંગા યાત્રા'ને સાંસદશ્રી ભરતભાઈ સુતરિયા, અમરેલી-વડીયા-કુંકાવાવ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્યશ્રી અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક, કૌશિકભાઈ વેકરિયા અને અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી અજય દહિયાએ લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. અમરેલી નગરના વિવિધ માર્ગો પરથી પસાર થઈ આ યાત્રા ફોરવર્ડ સર્કલ ખાતે પૂર્ણ કરવામાં આવી હતી. યાત્રામાં પોલીસ બેન્ડ અને સેન્ટ મેરી શાળાના બેન્ડ, પોલીસના અશ્વ દળના જવાનો, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કલાકારોના ટેબ્લોએ આકર્ષણ જમાવ્યું હતું. આ કલાકારોએ પારંપારિક વેશભૂષામાં સજ્જ થઈ આ યાત્રામાં જોડાઈ તેમનું યોગદાન આપ્યું હતું. તિરંગા યાત્રાના પ્રારંભે વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનથી શરુ થયેલા 'હર ઘર તિરંગા' કાર્યક્રમના કારણે દેશનો દરેક વ્યક્તિ ઘરે તિરંગો લહેરાવી શકે છે. અમરેલી જિલ્લાના દરેક વ્યક્તિને પોતાના ઘરે તિરંગો લહેરાવાનો અનુરોધ છે. અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી અજય દહિયાએ તિરંગા યાત્રાના પ્રસ્થાન પૂર્વે કહ્યુ કે, સ્વાતંત્ર પર્વના ભાગરુપે લોકોના ઘરે ઉત્સાહભેર તિરંગો લહેરાવવામાં આવ્યો છે. તમામ તાલુકામાં તિરંગા યાત્રા યોજાઈ છે. આ તિરંગા યાત્રાથી આઝાદીના વીરો, બલિદાન આપનારાઓની સ્મૃતિ તાજી થાય છે. નાગરિકોને પ્રેરિત કરવાની આ યાત્રા છે. અમરેલી જિલ્લાના નાગરિકો રાષ્ટ્રને એક કરવા માટે સહભાગી થાય તેવો અનુરોધ તેમણે કર્યો હતો. કાર્યક્રમમાં વિવિધ કચેરીઓના અધિકારીશ્રીઓ, શહેરની વિવિધ શાળાઓ નૂતન હાઈસ્કુલ, ટી.પી.એમ.ટી. ગાંધી હાઈસ્કુલ, અજમેરા હાઈસ્કુલ, દીપક સ્કુલ, જી.જી.બેન ગર્લ્સ સ્કુલ, વિદ્યા ગુરુ સાયન્સ સ્કુલ, કે.બી.ઝાલાવાડીયા શાળા, સેન્ટ મેરી હાઈસ્કુલ, ઓક્સફોર્ડ સ્કુલ ઓફ સાયન્સ, ફોરવર્ડ સ્કુલ, આર્યભટ્ટ અંગ્રેજી માધ્યમ સ્માર્ટ સ્કુલ, સુખ નિવાસ પ્રાથમિક શાળા, પોલીસ લાઈન પ્રાથમિક શાળા, કન્યાશાળા નં. ૦૨, માણેકપરા પ્રાથમિક શાળા, બહારપરા કન્યા અને કુમાર શાળા, મ્યુનિસિપલ ગર્લ્સ સ્કુલ, કે.કે. પારેખ પ્રાથમિક શાળા, કમાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, કે.કે. પારેખ કોમર્સ કોલેજ, મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ, એન.સી.સી.ના કેડેટ્સ, એન.એસ.એસ.ના સ્વયંસેવકો, સ્કાઉટ ગાઈડ, ડી.એલ.એસ.એસ.ના ખેલાડીઓ, વેપારી મંડળો, સામાજિક ધાર્મિક સંસ્થાના પ્રતિનિધિશ્રીઓ, પોલીસના જવાનો અને નગરજનો જોડાયા હતા. આ યાત્રામાં અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યા, પોલીસ અધિક્ષકશ્રી હીમકર સિંઘ, અમરેલી પ્રાંતઅધિકારીશ્રી નાકીયા, જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી પરમાર, મામલતદારશ્રી, નગરપાલિકા ચીફ ઓફિસરશ્રી તેમજ જિલ્લા વહીવટીતંત્રના અધિકારીશ્રીઓ અને કર્મયોગીઓ તેમજ નગરજનો સાથે જોડાઈ અને તિરંગાયાત્રામાં સહભાગી થયા હતા.

## અમરેલીના વરિષ્ઠ નાગરિકે તિરંગા યાત્રા માટે મોટર સાઈકલ પર વિશેષ સુશોભન કર્યું

### રાષ્ટ્રધર્મ મારા માટે સર્વોપરી : વરિષ્ઠ નાગરિક શ્રી ડી.જી. મહેતા



અમરેલી, રાષ્ટ્રધર્મ મારા માટે સર્વોપરી છે. દેશના જવાનો, તિરંગા માટે મને વિશેષ પ્રેમ છે.',આ શબ્દો છે અમરેલી નગરના ૭૩ વર્ષીય વરિષ્ઠ નાગરિક શ્રી ડી.જી. મહેતાના. અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની 'તિરંગા યાત્રા'માં અમરેલીના વરિષ્ઠ નાગરિક શ્રી ડી.જી. મહેતાએ મોટરસાઈકલને અનોખી રીતે શણગારી, રાષ્ટ્ર પ્રત્યેનો તેમનો પ્રેમ અને રાષ્ટ્ર ભાવના અભિવ્યક્ત કર્યા હતા. શ્રી મહેતાની સુશોભિત આ મોટર સાઈકલે અનોખું આકર્ષણ જમાવ્યું હતું. શ્રી મહેતાએ કહ્યુ કે, એક મહિનાની મહેનત બાદ મોડીફીકેશન કરી અને તૈયાર કરેલી આ મોટર સાઈકલમાં દેશભક્તિ અને સંસ્કૃતિના ભાતીગળ રીતે રંગો ઉમેરવા હતા. તેમણે ઉમેર્યુ કે, હું જિલ્લા પંચાયતમાં કર્મયોગી તરીકે ફરજ પર હતો, નિવૃત્ત થયો ત્યારબાદ રાષ્ટ્રભક્તિ અને નાગરિક ધર્મના ભાગરુપે આ પ્રકારની પ્રવૃત્તિઓ સાથે જોડાયેલો રહ્યો છું. શહીદને શ્રધ્ધાંજલી આપવા તેમણે, મોટરસાઈકલની આગળ લગાડેલા કટઆઉટમાં અમરેલીના જ એક વીર શહીદ શ્રી મનિષ મહેતાની તસવીર મૂકી છે, તેમ જણાવી ઉમેર્યુ કે, દેશની સેના અને તિરંગા પ્રત્યે મને અપાર પ્રેમ છે. વર્ષોથી હું આ પ્રવૃત્તિ સાથે જોડાયેલો છું. કાર્યક્રમના પ્રારંભે વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરિયાએ શ્રી.ડી.જી. મહેતાને શુભકામનાઓ પાઠવી, રાષ્ટ્ર પ્રેમ માટેની તેમની અભિવ્યક્તિને બિરદાવી હતી. શ્રી મહેતાએ વધુમાં જણાવ્યુ કે, દેશભક્તિના કાર્યો મને ગમે છે. નિરાધારો માટે ટિફિન સેવા સહિતની સેવાકીય પ્રવૃત્તિ પણ કરું છુ અને નાગરિક તરીકેની મારી ફરજ અને ધર્મ અદા કરુ છું.

**અવધ ટાઇમ્સ અંક બંધ**

સ્વાતંત્ર્ય પર્વ ૧૫ ઓગષ્ટ નિમિતે અવધ ટાઈમ્સ કાર્યાલય સંપુર્ણ બંધ રહેશે તેથી તા. ૧૬નો અંક પ્રગટ થશે નહી. તા. ૧૭મીએ અંક રાબેતા મુજબ પ્રસિધ્ધ થશે. જેની વાંચકો, વિજ્ઞાપનકારો, એજન્ટ મિત્રોએ નોંધ લેવા વિનંતી.

- વ્યવસ્થાપક

### પટ્ટણી કનેકશનની સ્થાપના કરી વિશ્વભરના પરજીયા પટ્ટણી સમાજને એક તાંતણે બાંધનાર

# યુકેના પરજીયા સોની સમાજના ઘરેણા સમા શ્રી પ્રાણભાઇ ધાણકની વસમી વિદાય : ઘેરો શોક

### શ્રી પ્રાણભાઇનું લંડન ખાતે નિધન : અમરેલી, દ્વારકા, જામનગર, રાજકોટના પરજીયા સોની સમાજે શ્રી પ્રાણભાઇ ધાણકને શ્રધ્ધાંજલી પાઠવી શોક વ્યકત કર્યો



અમરેલી,

પટ્ટણી કનેકશનની સ્થાપના કરી વિશ્વભરના પરજીયા પટ્ટણી સમાજને એક તાંતણે બાંધનાર યુકેના પરજીયા સોની સમાજના ઘરેણા સમા શ્રી પ્રાણભાઈ ધાણકની વસમી વિદાયથી ઘેરો શોક છવાયો છે. શ્રી પ્રાણભાઈનું લંડન ખાતે નિધન થતા અમરેલી, દ્વારકા, જામનગર, રાજકોટના પરજીયા સોની સમાજે શ્રી પ્રાણભાઈ ધાણકને શ્રધ્ધાંજલી પાઠવી શોક વ્યકત કર્યો હતો.

પરજીયા પટ્ટણી સોની સમાજનાં શ્રી પ્રાણભાઈ અરજણ પટ્ટણીની અણધારી વિદાય થી સમગ્ર સમાજ માટે ન પૂરી શકાય એવી ખોટ પડી છે. સમાજની વેબસાઈટ અને સોશ્યલ મીડિયાના જન્મદાતા તેમજ પ્રણેતા કે જેઓ એ સમાજ ની દરેક સંસ્થા ઓ સાથે અતૂટ સંબંધો રાખી અને દરેક માહિતી મેળવી અને પોતાના થી બનતી સેવા આપવા તત્પર રહેતા આવા ઉમદા વ્યક્તિત્વ ધરાવતા પ્રાણભાઈ અરજણ તેમના અંતિમ સમય સુધી મૂક સેવક બની સેવા આપતા રહ્યા. સમગ્ર સમાજ ને સોશ્યિલ મીડિયા દ્વારા સંગઠિત કરવા માં જેમનો અમૂલ્ય ફાળો રહ્યો હતો.


૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભકામનાઓ..
લોક હૃદયમાં વસેલા આપણા પોતીકા અખબાર
અવધ ટાઈમ્સને ૩૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે હાર્દિક શુભકામનાઓ..

સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પ્રસંગે
હાર્દિક શુભકામનાઓ

સમગ્ર રાષ્ટ્ર તેમજ ગુજરાત અને અમરેલી જીલ્લાની તમામ જનતાને ૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભકામનાઓ તેમજ નંબર વન અખબાર અવધ ટાઇમ્સ દૈનિકે ૩૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયુ છે ત્યારે અવધ ટાઇમ્સ પરિવાર દીન પ્રતીદીન પ્રગતીના સોપાનો સર કરે તેવી અમારી શુભકામનાઓ

-:: શુભેચ્છક ::-

અમરેલી ડીસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોર્મસ
મોટા બસ સ્ટેન્ડ વેપારી એસોસીયેશન
અનાજ કરીયાણા રીટેલ મરચન્ટ એસોસીયેશન
ઈન્દીરા શોપીંગ સેન્ટર એસોસીયેશન



૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભકામનાઓ..
લોક હૃદયમાં વસેલા આપણા પોતીકા અખબાર
અવધ ટાઈમ્સને ૩૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે હાર્દિક શુભકામનાઓ..

સમગ્ર રાષ્ટ્ર તેમજ ગરવી ગુજરાત અને અમરેલી જીલ્લા તેમજ બગસરા પંથકની જનતાને સ્વાતંત્ર પર્વ ની શુભકામનાઓ અને અમરેલી જીલ્લાના નંબર વન અખબાર અવધ ટાઇમ્સ દૈનિકે ૩૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ બદલ અમારી શુભકામનાઓ

-:: શુભેચ્છક ::-

શ્રી જયસુખભાઇ ખેતાણી – સરપંચશ્રી
શ્રી નારણભાઇ વઘાસીયા – ઉપસરપંચશ્રી
શ્રી વિશાલભાઇ સાદરાણી : તલાટી મંત્રીશ્રી
મોટા મુંજ્યાસર ગ્રામ પંચાયત, તા.બગસરા



૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભકામનાઓ..
લોક હૃદયમાં વસેલા આપણા પોતીકા અખબાર
અવધ ટાઈમ્સને ૩૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે હાર્દિક શુભકામનાઓ..

સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પ્રસંગે
હાર્દિક શુભકામનાઓ

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી - રાજુલા
(શ્રી સરદાર પટેલ માર્કેટયાર્ડ)

''ખેડુતો માટે માર્કેટયાર્ડ દ્વારા અપાતી સુવિધાઓ''

ટેકાના ભાવે જણસીઓની ખરીદી
મલ્ટી કોમોડીટી કલિનિક અને ગ્રેડીંગ ફેસેલીટી
વે-બ્રીજ તેમજ વોટરકુલરની સુવિધા
ખેડુતો માટે કેન્ટીનની સુવિધા
ખેડુત ખાતેદારો માટે આકસ્મિક વિમા યોજના, આકર્ષક ઓક્ષન શેર
આર.સી.સી.રોડ
ખેડુતોને રાત્રી રોકાણ માટે ગેસ્ટહાઉસની સુવિધા

-:: શુભેચ્છક ::-

અરજણભાઇ કે.વાઘ – વા.ચેરમેન
રાજેશભાઇ કે.કાકડીયા – સેક્રેટરી
જીજ્ઞેશભાઇ એમ.પટેલ – ચેરમેન

બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ

છગનભાઇ એમ.ધડુક, મનુભાઇ ડી.ધાખડા, પીઠાભાઇ કે.નકુમ
રાજેશભાઇ આર.પરસાણા, ધીરૂભાઇ સી.રાદડીયા, મનુભાઇ એલ.કસવાળા
ખીમજીભાઇ પી.જીંજાળા, અમરીશભાઇ ડી.વરૂ, કનુભાઇ પી.કલસરીયા
માધુભાઇ એન.વોરા, રમેશભાઇ વી.વસોયા, જસુભાઇ પી.સોડવડીયા
દુલાભાઇ વી.વાવડીયા, હુસેનભાઇ આર.સેલોત

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી - રાજુલા



૭૮ માં સ્વાતંત્ર્ય દિન
નિમિતે
હાર્દિક શુભકામનાઓ
સમગ્ર દેશ વાસીઓને ૭૮ માં સ્વતંત્ર પર્વ દિન નિમિતેની ખુબ ખુબ શુભેચ્છાઓ.

-:: શુભેચ્છક ::-

રાજેશ કાબરીયા - પ્રમુખ જીલ્લા ભાજપ

મહામંત્રીશ્રીઓ
શ્રી ભુપેન્દ્રભાઇ બસીયા, શ્રી મેહુલભાઇ ધોરાજીયા, શ્રી પીઠાભાઇ નકુમ

ઉપપ્રમુખશ્રીઓ
શ્રી રામભાઇ સાનેપરા
શ્રી મગનભાઇ કાનાણી
શ્રી શરદભાઇ પંડયા
શ્રી સુરેશભાઇ પાનસુરીયા
શ્રી યોગેશભાઇ બારૈયા
શ્રી જ્યોત્સનાબેન અગ્રાવત
શ્રી વંદનાબેન મહેતા

કોષાધ્યક્ષશ્રી
શ્રી દીપકભાઇ વઘાસીયા

કાર્યાલય મંત્રીશ્રી
મહેન્દ્ર ચાવડા

મંત્રીશ્રીઓ
શ્રી જયેશભાઇ ટાંક
શ્રી મનોજભાઇ મહીડા
શ્રી રાજુભાઇ ભુવા
શ્રી અમરીશભાઇ જોષી
શ્રી રેખાબેન માવદીયા
શ્રી રંજનબેન ડાભી
શ્રી પારૂલબેન દાફડા
શ્રી મીરાબેન કારેટીયા

જીલ્લા ભાજપ પરિવાર - અમરેલી





૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભકામનાઓ..
લોક હૃદયમાં વસેલા આપણા પોતીકા અખબાર
અવધ ટાઈમ્સને ૩૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે હાર્દિક શુભકામનાઓ..

જય જવાન   જય કિસાન

શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી - અમરેલી
સાવરકુંડલા રોડ - અમરેલી
મુખ્યયાર્ડ ફોન : ઓ. (૦૨૭૯૨) ૨૯૫૫૫૫ : ૨૩૪૦૩૪ : ૨૩૪૦૪૪
સબયાર્ડ ફોન : ઓ. (૦૨૭૯૨) ૨૨૨૧૨૨ : ૨૨૩૨૧૩ : ૨૨૩૯૪૧

ખુલ્લી હરરાજી..   ખરો તોલ..   રોકડા નાણા..

- ખેડુતોએ પોતાની જણસ માર્કેટયાર્ડમાં વેચવાનો આગ્રહ રાખવો
- ખેડુતો વજનમાં છેતરાય નહી તે માટે માર્કેટયાર્ડમાં ઇલેક્ટ્રોનિક્સ કાંટા દ્વારા વજન કરવામાં આવે છે.
- જુના માર્કેટયાર્ડ (સબયાર્ડ) માં A To Z માર્કેટ, હોલસેલ શાકમાર્કેટ, હોલસેલ ફ્રુટમાર્કેટ તેમજ તમામ સુવિધાઓ સંપન્ન રીટેઇલ શાકમાર્કેટ શરૂ છે.

તુષાર એચ.હપાણી – સેક્રેટરી
સુરેશભાઇ એમ.રોકડ – વા.ચેરમેન
શૈલેષભાઇ બી.સંઘાણી – ચેરમેન

સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રી
શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી - અમરેલી

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
- ૩૦% મોર પાવર
- ૧૬% વધુ માઇલેજ
- સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ
- સ્માર્ટ મોટર જનરેટર
- માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૧૫-૦૮-૨૦૨૪ ગુરૂવાર

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

# સેવાનાં ભેખધારી ઓલીયા સંત દાદાબાપુનાં નિધનથી કુંડલા શોકમય બંધ

## ગુજરાતનાં સુન્નીયતનાં રહેબર નુરાની સરકાર પીર અને પીરે તરીકત સૈયદ દાદાબાપુ દુન્યવીથી વફાત થતા દફન વિધિમાં દેશભરમાંથી આવ્યાં



સાવરકુંડલા, (સૌરભ દોશી)

સૌરાષ્ટ્ર ગુજરાત અને દેશ ભરનાં સુન્ની મુસ્લિમ સમાજ નાં ધર્મગુરુ લાખો નાં દિલો ની ધડકન અને રહેબરે મિલ્કત કોમી એકતા નાં પ્રખર હિમાયતી શાંત સબ્ર સાથે મુંગા મોઢે દિન દુઃખિયા ની સેવા ના ભેખધારી અને સૌરાષ્ટ્ર ગુજરાત નાં મોટાં ભાગનાં ગ્રામિણ શહેરી વિસ્તારમાં શિક્ષણિક સંસ્થા તેમજ દીની તાલીમ ઈદારા અને દિકરીઓ માટે રોજગાર લક્ષી તાલીમ કેન્દ્ર દરેક હિન્દુ મુસ્લિમ સમાજ નાં લોકો ને વ્યસન મુક્તિ, આરોગ્ય અને સમાજ જીવન નાં સુધારા સાથે માનવ કલ્યાણ કારી કાર્ય કરતાં કોમી એકતા નાં મશીહા સાવરકુંડલા અને સૌરાષ્ટ્ર ગુજરાત ની આન બાન શાન પીરે તરીકેત સરકાર સૈયદ મુહંમદ દાદા બાપુ કાદરી ફાતમી મદજીઉલ નુરાની સરકાર દુન્યવી પડદો કરી ગયાં હોય અને તેની જાણ સૌરાષ્ટ્ર ગુજરાત અને દેશ ભરનાં સુન્ની મુસ્લિમ સમાજ માં ફેલાતાં સમગ્ર સુન્ની મુસ્લિમ સમાજ માં ભારે ગમગીની સાથે શોકમય વાતાવરણ ફેલાયું છે પીરે તરીકત સરકાર દાદા બાપુ ફાતમી ની બે દિવસ થી અચાનક તબિયત નાદુરસ્ત થતાં અમરેલી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ કરાયાં હતાં તેમની શેહદ માટે દુવાઓ થતી હતી ત્યારે તેમનાં લાખો શ્રદ્ધાળુઓ માં ચિંતા ફેલાય હતી અને અચાનક તેમણે દુનિયા ને વિદાય કરીને પરદો કરી લેતાં અને તેમનાં શિષ્ય અને સૌરાષ્ટ્ર ગુજરાત નાં સુન્ની મુસ્લિમ સમાજ ને જાણ થતાં હજારો ની સંખ્યામાં લોકો હોસ્પિટલ ખાતે ઊમટી પડ્યા હતા સમગ્ર ગુજરાતમાં શોકમય વાતાવરણ ફેલાયું છે.

દેશભરના સુન્ની મુસ્લિમ સમાજ નાં ધર્મગુરુ ઓ તેમનાં ચાહકો શિષ્ય અને આલીમો સાહદાત અને હિન્દુ મુસ્લિમ સમાજ નાં આગેવાનો ધર્મ ગુરુઓ તેમનાં નિવાસ સ્થાને દોડી આવ્યા છે. સરકાર દાદા બાપુ ફાતમી ની વફાત થતાં તેમનાં પવિત્ર પાર્થિવદેહને સાવરકુંડલા ખાતે આજે દફન વિધિ કરવામાં આવી હતી અને લાખોની સંખ્યામાં સુન્ની મુસ્લિમ સમાજ નાં લોકો દેશ ભર માંથી તેમની દફનવિધિ માં જોડાઈ તેમનાં પરિવારજનો ને આશ્વાસન અને હિંમત આપવા ભારે મેદની ઉમટી હતી.

સાવરકુંડલાના હિંદુ - મુસ્લિમ વેપારીઓએ પોતાના ધંધો રોજગાર બપોર પછી બંધ રાખી દાદાબાપુને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભકામનાઓ..
લોક હૃદયમાં વસેલા આપણા પોતીકા અખબાર
અવધ ટાઈમ્સને ૩૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે હાર્દિક શુભકામનાઓ..
અમરેલી જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, વિદ્યાર્થીમિત્રો, વાલીમિત્રો તેમજ તમામ શિક્ષણવિદ્દો, સ્નેહીઓ વિગેરેને ૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની શુભકામનાઓ. આપણું રાષ્ટ્ર વિશ્વમાં દરેક ક્ષેત્રે દર્શનીય ઉદાહરણ રૂપ બની રહે અને પ્રેમ તથા શાંતિના પ્રતિક રૂપ આપણો ભારતદેશ સતત ઉન્નતીના પથ પર વિકાસરૂપી કેડી કંડારી સમગ્ર વિશ્વનો એક રાહબર બને તે માટે આપણે સૌ કટીબધ્ધ બનીએ તેમજ આપણા પોતિકા અમરેલી જિલ્લાના નંબર વન અવધ ટાઇમ્સ અખબાર ને ૩૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે હાર્દિક શુભકામનાઓ.
-:: શુભેચ્છક ::-
સ્વામિ વિવેકાનંદ વિદ્યા ભારતી ટ્રસ્ટ રૂપાયતન અમરેલી સંચાલિત - દિપક હાઇસ્કૂલ
શ્રીમતિ પુષ્પાબેન નટવરલાલ વોરા વિદ્યા નિકેતન (પ્રાથમિક શાળા)
માતુશ્રી ત્રિવેણીબેન જગજીવનદાસ મહેતા બાલમંદિર (શ્રીમતિ રાધાબેન આડતીયા વિદ્યાસંકુલ)
ગાયત્રી શક્તિપીઠ પાસે, અમરેલી ફોન : ૨૨૩૧૩૦, ૨૨૩૬૧૮
શ્રી નગીનદાસ દેવશી સંઘવી પ્રા.શાળા - રૂપાયતન
શ્રીમતી મણીબેન ગણાત્રા વિદ્યાસંકુલ મણીનગર અમરેલી
શ્રી દલીચંદ કરશનદાસ કામદાર પ્રાથમિક શાળા - રૂપાયતન
ચોરાપા અમરેલી ફોન : ૨૨૫૮૭૫

15th August Happy Independence Day
૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભકામનાઓ..
લોક હૃદયમાં વસેલા આપણા પોતીકા અખબાર
અવધ ટાઈમ્સને ૩૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે હાર્દિક શુભકામનાઓ..

**અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ., અમરેલી**
''ભોજલરામ ભવન'', રાજમહેલ રોડ, હેડ-ઓફીસ, અમરેલી. ફોન નં.૦૨૭૯૨ - ૨૨૨૬૦૧, ૨૨૧૯૩૮
ઇ-મેઇલ : ajmsbank@yahoo.co.in

**(થાપણ પરના બેંકના આકર્ષક વ્યાજદરો)**

| અનુ.નં. | થાપણના પ્રકાર | તા.૧૧.૦૧.૨૦૨૪ થી વ્યાજનો દર | સીનીયર સીટીજન (વરિષ્ઠ નાગરીક) માટે |
|---|---|---|---|
| (A) | ૦૭ દિવસથી ૧૪ દિવસની મુદત માટે | ૩.૫૦ | ૪.૦૦ |
| (B) | ૧૫ દિવસથી ૪૫ દિવસની મુદત માટે | ૪.૦૦ | ૪.૫૦ |
| (C) | ૪૬ દિવસથી ૮૯ દિવસની મુદત માટે | ૪.૭૫ | ૫.૨૫ |
| (D) | ૯૦ દિવસથી ૧૭૯ દિવસની મુદત માટે | ૫.૦૦ | ૫.૫૦ |
| (E) | ૧૮૦ દિવસથી ૧ વર્ષ કરતા ઓછી મુદત માટે | ૬.૦૦ | ૬.૫૦ |
| (F) | ૧ વર્ષની મુદત અને ૨ વર્ષ કરતા ઓછી મુદત માટે | ૭.૦૦ | ૭.૫૦ |
| (G) | ૨ વર્ષની મુદત અને ૩ વર્ષ કરતા ઓછી મુદત માટે | ૭.૨૫ | ૭.૭૫ |
| (H) | ૩ વર્ષની મુદત અને ૫ વર્ષ કરતા ઓછી મુદત માટે | ૬.૭૫ | ૭.૨૫ |
| (I) | ૫ વર્ષથી ૮ વર્ષ સુધીની મુદત માટે | ૬.૫૦ | ૭.૦૦ |
| (J) | ડબલ (સ્પેશ્યલ ફીક્સ ડીપોઝીટ) | ૧૧ વર્ષ ૬ માસે (૧૩૮ માસ) (વ્યાજ દર ૬.૧૦%) | |

- અન્ય બેંકોની સરખામણીમાં થાપણો ઉપર સૌથી વધુ વ્યાજ આપતી અને સને.૧૯૫૧ થી સતત ઓડીટ વર્ગ અ ધરાવતી બેંક
- સરકારશ્રીની નિતી અન્વયે પ્રથમ વર્ષથી ૧૦૦% કિશાન ક્રેડીટકાર્ડ દ્વારા જ ખેડુતોને રૂા.૩,૦૦,૦૦૦/- સુધીનું ધિરાણ ૭% એ ખરીફ અને રવિપાક ધિરાણ પુરી પાડતી પ્રથમ બેંક તેમજ રૂા.૩,૦૦,૦૦૦/- સુધીનું અકસ્માત વિમા કવચ પુરી પાડતી બેંક.
- બેંકની મુખ્ય કચેરી ઉપરાંત ૭૧ શાખાઓ સાથે સંયોજીત મંડળીઓ તથા બેંકના કર્મચારીઓના નેટવર્ક દ્વારા ખેતી અને ખેતી આધારીત પશુપાલન તેમજ ઉધોગોને ઉતમ સેવા પુરી પાડતી બેંક.
- ખેડુતોને હાઉસીંગ, ગોડાઉન, ટ્રેક્ટર તથા દ્વિચક્રી વાહન ખરીદવા માટે લોન આપવામાં આવે છે.
- રૂા.૫,૦૦,૦૦૦/- સુધીની આ બેંકમાં મુકેલ ડીપોઝીટ વિમાથી સુરક્ષિત.
- બેંકમાં RTGS, NEFT, IMPS, UPI (બીલ પેમેન્ટ) BBPS, (આધાર લીંક સબસીડી) APBS, એલર્ટ, મોબાઇલ બેંકીંગ, CTS ટ્રાન્ઝેક્શનની સુવિધા ઉપલબ્ધ છે. તેમજ ફક્ત રૂા.૧૦૭/- માં બેંક મારફત પાનકાર્ડ મેળવવાની સુવિધા.
- બેંકની વ્યક્તિગત આકસ્મિક વિમા યોજના અન્વયે ૧૦ થી ૭૮ વર્ષની વયના લોકોને રૂા.૩/- લાખનું અકસ્માત વિમાનું કવચ.
- ગોલ્ડ લોન ધમાકા સોનાના દાગીના ઉપર બજાર ભાવના ૭૫% સુધી અને વધુમાં વધુ રૂા.૭૦૦૦૦૦/- સુધીનું ધિરાણ માત્ર ૯.૫૦% ના વ્યાજદરે ઉપલબ્ધ છે.

(બી.એસ.કોઠીયા) જનરલ મેનેજર (સી.ઇ.ઓ.) | (અરૂણભાઇ પટેલ) વાઇસ ચેરમેન | (દિલીપભાઇ સંઘાણી) ચેરમેન
**અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., અમરેલી**

૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભકામનાઓ..
લોક હૃદયમાં વસેલા આપણા પોતીકા અખબાર
અવધ ટાઈમ્સને ૩૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે હાર્દિક શુભકામનાઓ..
અમરેલી જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, વિદ્યાર્થીમિત્રો, વાલીમિત્રો તેમજ તમામ શિક્ષણવિદ્દો, સ્નેહીઓ વિગેરેને ૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની શુભકામનાઓ. આપણું રાષ્ટ્ર વિશ્વમાં દરેક ક્ષેત્રે દર્શનીય ઉદાહરણ રૂપ બની રહે અને પ્રેમ તથા શાંતિના પ્રતિક રૂપ આપણો ભારતદેશ સતત ઉન્નતીના પથ પર વિકાસરૂપી કેડી કંડારી સમગ્ર વિશ્વનો એક રાહબર બને તે માટે આપણે સૌ કટીબધ્ધ બનીએ તેમજ આપણા પોતિકા અમરેલી જિલ્લાના નંબર વન અવધ ટાઇમ્સ અખબાર ને ૩૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે હાર્દિક શુભકામનાઓ.
-:: શુભેચ્છક ::-
શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા
માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ - અમરેલી
ડો. જીવરાજ મહેતા વિદ્યાવિહાર કોલેજ કેમ્પસ
ચિતલ રોડ, અમરેલી ફોન : ૨૨૩૯૪૨, ૨૨૩૯૪૮

વોટરકુલર - વોટરડીસ્પેન્સર
૨૪ વર્ષનો બહોળો અનુભવ...
દરેક પ્રકારનાં વોટરકુલર બનાવવા જોવા માટે આજે જ પધારો
તેમજ VOLTAS અને BLUE STAR કંપનીનાં વોટરકુલર અને ડીસ્પેન્સર મળશે
તુલસી રેફ્રીજરેશન
છુટક તેમજ હોલસેલ ખરીદવા માટે..
દુ. ૬/૭ - ઓપેરાહાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી
મો.૯૪૨૬૨ ૮૭૦૯૭




૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભકામનાઓ..
લોક હૃદયમાં વસેલા આપણા પોતીકા અખબાર
અવધ ટાઈમ્સને ૩૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે હાર્દિક શુભકામનાઓ..
-:: શુભેચ્છક ::-
સમગ્ર ગુજરાત તેમજ અમરેલી જીલ્લાની તમામ જનતાને ૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભકામનાઓ તેમજ નંબર વન અખબાર અવધ ટાઇમ્સ દૈનિકને ૩૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયું છે ત્યારે અવધ ટાઇમ્સ પરિવાર દીન પ્રતીદીન પ્રગતીના સોપાનો સર કરે તેવી અમારી શુભકામનાઓ
શ્રી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ - ચલાલા




ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ, મીઠાપુર (ડું.) ચલાલા

૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભકામનાઓ..
લોક હૃદયમાં વસેલા આપણા પોતીકા અખબાર
અવધ ટાઈમ્સને ૩૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે હાર્દિક શુભકામનાઓ..
સમગ્ર રાષ્ટ્ર તેમજ ગુજરાત અને અમરેલી જીલ્લાની તમામ જનતાને ૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભકામનાઓ તેમજ નંબર વન અખબાર અવધ ટાઇમ્સ દૈનિકે ૩૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે. ત્યારે અવધ ટાઇમ્સ પરિવાર દીન પ્રતીદીન પ્રગતીના સોપાનો સર કરે તેવી અમારી શુભકામનાઓ
-:: શુભેચ્છક ::-
AGRITEX ENTERPRISE LLP
AGRITEX ENTERPRISE LLP
Shop No. 311, Mega Mall, 3rd, Floor, Wadhwan, Surendranagar, Guj. 361001, India

15th August Happy Independence Day
૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભકામનાઓ..
લોક હૃદયમાં વસેલા આપણા પોતીકા અખબાર
અવધ ટાઈમ્સને ૩૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે હાર્દિક શુભકામનાઓ..
અમરેલી જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, વિદ્યાર્થીમિત્રો, વાલીમિત્રો તેમજ તમામ શિક્ષણવિદ્દો, સ્નેહીઓ વિગેરેને ૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની શુભકામનાઓ. આપણું રાષ્ટ્ર વિશ્વમાં દરેક ક્ષેત્રે દર્શનીય ઉદાહરણ રૂપ બની રહે અને પ્રેમ તથા શાંતિના પ્રતિક રૂપ આપણો ભારતદેશ સતત ઉન્નતીના પથ પર વિકાસરૂપી કેડી કંડારી સમગ્ર વિશ્વનો એક રાહબર બને તે માટે આપણે સૌ કટીબધ્ધ બનીએ
-: શુભેચ્છક :-
Oxford School of Science
માર્ગદર્શકશ્રીઓ
ગુરૂવર્યશ્રી :- શ્રી એચ.એલ.પટેલ સાહેબ
માનનિય શ્રી પરશોતમભાઇ રૂપાલા સાહેબ
સંસ્થાના સ્વપ્ન દ્રષ્ટા : મયુરભાઇ ગજેરા
સંસ્થાના એજયુકેશનલ ડાયરેક્ટર :- નિલેષભાઇ ગજેરા
સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર - પ્રહલાદભાઇ વામજા
Place : Kariya road, near sanjog news Amreli - 365601
Phone : (02792) 230010 / 20

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



# ૭૮મું સ્વાતંત્ર્ય પર્વ ૨૦૨૪

રાજ્ય મહોત્સવ
૧૫ ઑગસ્ટ
ખેડા-નડિયાદ





સ્વાતંત્ર્ય વીરો અને સંતોની તપોભૂમિ
ખેડા-નડિયાદ ખાતે
**૭૮મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી**

માનનીય મુખ્યમંત્રી
## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં
રાજ્યકક્ષાનો ધ્વજવંદન સમારોહ

**તારીખઃ** ૧૫ ઑગસ્ટ, ૨૦૨૪ **સમયઃ** સવારે ૯:૦૦ વાગે
**સ્થળઃ** પરેડ ગ્રાઉન્ડ, એસ.આર.પી. ગ્રુપ-૭, કપડવંજ રોડ, નડિયાદ **જિલ્લોઃ** ખેડા

### પ્રગતિમય ગુજરાત થકી, વિકસિત ભારતનું નિર્માણ

- પી.એમ. આવાસ યોજના : રાજ્યમાં **૧૪ લાખથી વધુ આવાસોનું** નિર્માણકાર્ય પૂર્ણ
- સેમિકન્ડક્ટર ચીપ ક્ષેત્રે **ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ** બનશે ગુજરાત
- "एक पेड़ माँ के नाम" અભિયાન હેઠળ રાજ્યમાં **૧૭ કરોડ રોપાઓનું** વાવેતર કરાશે
- **સોલાર રૂફટોપમાં** ગુજરાત દેશભરમાં અગ્રેસર
- વિશ્વના સૌથી મોટા **૩૭ ગીગાવૉટના સોલાર-વિન્ડ હાઈબ્રિડ એનર્જી પાર્કનું** કચ્છમાં નિર્માણકાર્ય પ્રગતિ હેઠળ
- **મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સઃ** રાજ્યમાં ૫૦ હજારથી વધુ વર્ગખંડો, ૧.૧૦ લાખ સ્માર્ટ ક્લાસરૂમ, ૨૧,૦૦૦ કમ્પ્યૂટર લેબ્સ અને ૫૦૦૦ STEM લેબ્સનું નિર્માણ
- સ્પોર્ટ્સ ઈકો-સિસ્ટમને મજબૂત કરવા રાજ્યમાં જુદા જુદા સ્થળો પર **અત્યાધુનિક સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્ષનું** નિર્માણ થશે
- કચ્છના **સ્મૃતિવનનો** યુનેસ્કો દ્વારા **વિશ્વના સૌથી સુંદર મ્યુઝિયમ્સની** યાદીમાં સમાવેશ

**વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતનું નિર્માણ**



**સ્વાતંત્ર્ય પર્વની સૌને ખૂબ ખૂબ શુભેચ્છાઓ...**

### સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયા અને વિધાનસભા નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરિયાએ તિરંગા મેળાની મુલાકાત લીધી

# અમરેલીમાં જિલ્લાકક્ષાએ 'તિરંગા મેળો' યોજવામાં આવ્યો

**જિલ્લા કલેક્ટરશ્રી દહિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પંડયા અને જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી હિમકરસિંહએ સ્વ સહાય જૂથોની મહિલાઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું**

**ગ્રામ્ય વિસ્તારમાં મહિલા સ્વ સહાય જૂથો દ્વારા ઉત્પાદિત વસ્તુઓને માર્કેટ મળે, મહિલાઓને આર્થિક ઉપાર્જન,સમૃદ્ધિ માટે પ્રોત્સાહન મળે તે હેતુથી તિરંગા મેળો**





અમરેલી,

૭૮મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અન્વયે અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની એન.આર. એલ.એમ યોજના અંતર્ગત દ્વારા 'તિરંગા મેળા' નું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ્ય વિસ્તારમાં કાર્યરત મહિલા સ્વ સહાય જૂથો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓને માર્કેટ મળે, મહિલાઓને આર્થિક ઉપાર્જન અને આર્થિક વૃદ્ધિથી આર્થિક સમૃદ્ધિ માટે પ્રોત્સાહન મળે તે હેતુથી જિલ્લા કક્ષા એ 'તિરંગા મેળો' યોજવામાં આવ્યો હતો. હર ઘર તિરંગા અભિયાન અન્વયે યોજવામાં આવેલ જિલ્લા કક્ષા તિરંગા યાત્રા અંતર્ગત સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયા, વિધાનસભા નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરિયા, જિલ્લા કલેક્ટર શ્રી અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી હીમકર સિંઘ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી જાડેજાએ 'તિરંગા મેળા'ની મુલાકાત લીધી હતી. મહાનુભાવો અને અધિકારીશ્રીઓએ સ્વ સહાય જૂથોની મહિલાઓને પ્રોત્સાહન પુરું પાડ્યુ હતું.

આ તિરંગા મેળાને સફળ બનાવવા માટે એન.આર.એલ.એમ યોજના જિલ્લા તેમજ તાલુકાના કર્મયોગીઓએ જહેમત ઉઠાવી હતી, તેમ અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રીએ એક યાદીમાં જણાવ્યુ છે.

## ખાંભા તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ માટે તા.૨૩ ઓગસ્ટ સુધી અરજી કરવી

અમરેલી,

ઓગસ્ટ-૨૦૨૪નો ખાંભા તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા.૨૧ ઓગસ્ટ, ૨૦૨૪ને બદલે તા.૨૮ ઓગસ્ટ, ૨૦૨૪ બુધવારના રોજ સવારે ૧૧ વાગ્યે ખાંભા તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે.

તાલુકા કક્ષાના પ્રશ્નો અને ફરિયાદો મોડામાં મોડા તા.૨૩ ઓગસ્ટ, ૨૦૨૪ સુધીમાં ખાંભા તાલુકા મામલતદાર કચેરી ખાતે રુબરુ અથવા ટપાલ મારફતે બપોરે ૩.૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે પહોંચતા કરવા. સામુહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો રજૂ કરવા.

અરજીના મથાળે 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' અવશ્ય લખવું, તેમ ખાંભા તાલુકા મામલતદારશ્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

**ઝેરમુક્ત ખેતી તથા પ્રદૂષણ મુક્ત પ્રાકૃતિક ખેતીને ઉતેજન**

## શ્રી કૌશિક વેકરીયાની મહેનતથી ખેતી પ્રધાન અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો નવો અધ્યાય આલેખાશે

અમરેલી,(ડેસ્કરિર્પોટર)


ઝેરમુક્ત ખેતી તથા પ્રદૂષણ મુક્ત પ્રાકૃતિક ખેતીને ઉતેજન મળે અને તેની પધ્ધતીસર તાલીમ મળે તેના માટે અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિક વેકરીયાની મહેનતથી ખેતી પ્રધાન અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો નવો અધ્યાય આલેખાશે. ગુજરાત સરકાર દ્વારા ઝેરમુક્ત ખેતી તથા પ્રદૂષણ મુક્ત પ્રાકૃતિક ખેતીને ઉતેજન આપવાના હેતુથી ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીની હાલોલ સ્થાપના કરવામાં આવેલ છે. જેમા એક કોલેજ અમરેલીને મળી છે. ઉપરોક્ત બંને નવી કોલેજોમાં ચાલુ વર્ષથી અભ્યાસક્રમ શરૂ કરવામાં આવેલ છે. ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીની કોલેજનો અમરેલીના ખેડુત તાલીમ કેન્દ્ર ખાતે પ્રારંભ થશે ધરતીપુત્રો લાભ લે તેના માટે શ્રી કૌશિક વેકરીયાએ અનુરોધ કર્યો છે.




### આજે વિશ્વ સિંહ દિવસ નિમિતે

# સાસણમાં આજે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં સિંહદિનની ઉજવણી

## સાસણ સહિત વિસ્તારોમાં સિંહોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જુન ૨૦૨૦ની ગણતરી મુજબ સિંહોની સંખ્યા વધીને ૬૭૪ થઇ



અમરેલી,ગુજરાતમાં વર્ષ ૨૦૨૦ની ગણતરી મુજબ સિંહની સંખ્યા ૬૭૪થી વધુ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં તેમજ વન-પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં આવતીકાલે તા. ૧૦ ઓગસ્ટના સવારે ૧૦.૦૦ કલાકે કમ્યુનિકેશન સેન્ટર, સિંહ સદન, સાસણ-ગીર ખાતે 'વિશ્વ સિંહ દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. એશિયાટીક લાયન લેન્ડસ્કેપના ૧૧ જિલ્લાઓ જૂનાગઢ, અમરેલી, ગીર-સોમનાથ, પોરબંદર, ભાવનગર, બોટાદ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, દેવભૂમી દ્વારકા અને જામનગરની શાળાઓ-ગામોમાં આ ઉજવણી કરવામાં આવશે. વન વિભાગ દ્વારા WorldLionDay2024 હેઝટેગ બનાવવામાં આવ્યું છે તેનો ઉપયોગ કરી ભારતભરના અને વિશ્વના સિંહ પ્રેમીઓ, એન.જી.ઓ., પ્રકૃતિ જન પ્રતિનિધિઓ, અધિકારીઓ, ગ્રામજનો તેમના ટેક્ષ મેસેજ, ફોટોગ્રાફસ, ટૂંકા વિડીયો સોશ્યલ મીડિયા પર શેર કરી આ ઉજવણીમાં ભાગીદાર થાય તે માટે જાગૃત કરવામાં આવશે. ઉપરાંત આ સંદેશો વધુમાં વધુ નાગરિકો સુધી પહોંચે તે માટે સાહિત્ય-કલાકારો દ્વારા પણ પ્રસિદ્ધ કરવામાં આવશે. આ ઉજવણીમાં વધુમાં વધુ નાગરિકો સહભાગી થાય તે માટે વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## સૌરાષ્ટ્રના ૯ જિલ્લામાં ૩૦ હજાર ચો. કિમી વિસ્તારમાં એશિયાટીક સિંહોનો કાયમી વસવાટ : સિંહ સંરક્ષણ અને સંવર્ધન સહિત સુવિધા



### ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી દ્વારા

## જાફરાબાદ તાલુકા હાથ સે હાથ કોંગ્રેસ અભિયાનમાં હોદેદારોની વરણી કરાઇ

### પ્રમુખ તરીકે મહેન્દ્રભાઇ વરૂ, જસુભાઇ ધાખડા સહિતની વરણી



જાફરાબાદ,ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી દ્વારા જાફરાબાદ તાલુકાના હાથ સે હાથ કોંગ્રેસ અભિયાનના હોદેદારોની વરણી થતા તાલુકા પ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ વરૂ અને ઉપપ્રમુખ તરીકે જસુભાઈ ધાખડા, ઉકાભાઈ પરમાર, રમેશભાઈ સાંખટ, આરીફભાઈ સરવૈયાની નિમણુંક કરવામાં આવી છે જેને સર્વેએ આવકારેલ છે.

## બાબરા પો. સ્ટે. ના મારામારી અને છેડતીના ગુનામાં આરોપીઓના જામીન મંજુર કરતી કોર્ટ

### આરોપીઓ તરફે એડવોકેટ એચ. એમ. રાઠોડની દલીલો ગ્રાહય રાખી

પ્રતાપપરા,(ગીરી ન્યુઝ)બાબરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મારામારી અને છેડતીના ગુનામાં સંડોવાયેલા આરોપીનાં જામીન કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવ્યા છે. બાબરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરીયાદ બી.એન.એસ. અધિનિયમ સેક્શન ૩૫૨, ૧૧૫, ૩૫૧, ૭૪, ૫૪ મુજબ આરોપીઓ સામે આક્ષેપ થયેલ જેમાં આરોપીઓને કોર્ટમાં રજુ કરતા સરકાર તરફે સરકારી વકીલ (એપીપી) ની દલીલો સાંભળ્યા બાદ બચાવ પક્ષ તરફે એડવોકેટ એચ.એમ.રાઠોડની દલીલો કોર્ટે સાંભળ્યા બાદ શ્રી એચ.એમ. રાઠોડની દલીલો ગ્રાહય રાખી આરોપીઓને જામીન પર મુક્ત કરવા હુકમ કર્યો હતો.

### સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

## ઢસામાં સાયબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો



ઢસા,ઢસા આરજેએચ હાઈસ્કુલમાં તા.૭ ઓગસ્ટના સાયબર ક્રાઈમ અંગે લોકોને જાગૃત કરવા માટે એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઢસા પોલિસ સ્ટેશનના પી.આઈ.એન.પી. રાઠોડ, પી.એસ.આઈ. જે.બી. કંડોળીયા ઉપસ્થિત રહયા હતા. આ કાર્યકમ ડો. જીબી. હેરમાના માર્ગદર્શન હેઠળ સીપીઓ જનાર્દસિંહ ગોલેતર ,ડી.આઈ. કાજલબેન ખેર અને રીનાબેન ડેર દ્વારા સંચાલિત કરવામાં આવેલ. કાર્યક્રમનો મુખ્ય ઉદેશ લોકસમાજ તેમજ વિધાર્થીઓમાં સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ ફેલાવવાનો હતો. પોલિસ અધિકારીઓએ સાયબર સુરક્ષા , તેની મહત્વતા અને સાયબર ક્રાઈમ સામે કેવી રીતે સાવચેત રહેવું તેની વિસ્તૃત માહિતિ આપી હતી. સત્ર દરમ્યાન વિધાર્થીઓને અને સ્થાનિકોને સાયબર ગુનાઓના ઉદાહરણો, સંભવિત જોખમો, અને તેમની સામે કેવી રીતે રક્ષણ મેળવવું તે અંગે માહિતિ આપી હતી.

## મુંબઇમાં શ્રીમદ દેવી ભાગવત કથાનો પ્રારંભ

ભાવનગર,(જયેશ દવે)મુંબઇના બોરીવલી(ઇષ્ટ)ના મોટા અંબાજી મંદિર ખાતે શ્રીમદ દેવી ભાગવત કથા તા.૯ થી ૧૭ ઓગસ્ટ સુધી યોજનાર છે. કથાનો સમય બપોરે ૩ થી ૭ રાખવામાં આવેલ છે. વ્યાસાસને રાજકોટના વાસી પુ.શાસ્ત્રી શ્રી જનકભાઇ એમ. મહેતા બીરાજી અમૃતપાન કરાવશે. વર્ષો બાદ પુ. જનકભાઇ શાસ્ત્રીનું મુંબઇમાં આગમન થતું હોય. ગુજરાતી સમાજમાં આ વિદ્રતજનને સત્કારવા થનગની રહ્યો છે. તેઓનું વિવિધ ધાર્મિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક સેવાકીય સંસ્થાઓ દ્વારા અભિવાદન સમારોહ રખાયેલ છે. વિશેષ માહિતી માટે મો. ૯૪૨૬૪ ૩૦૨૪૫ ઉપર સંપર્ક કરવા જણાવાયુંછે.

## સુરતમાં ડ્રગ્સના કેસમાં ભાજપ આગેવાનના પુત્રની ધરપકડ

સુરત,

સુરતમાં એક આઈસ્ક્રીમ પાર્લરની આડમાં ડ્રગ્સનો વેપાર કરવા માટે વપરાય છે. ઉધના દરવાજા વિસ્તારમાંથી ૩૫ લાખની કિંમતના સ્હ્ર ડ્રગ્સનો જથ્થો ઝડપાયો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જીંરપોલીસે કપલેથા ચેકપોસ્ટ પરથી રેહાનની ધરપકડ કરી છે. અગાઉ હિન્દુ વાહિનીના નેતાઓ વિકાસ આહિર અને અન્નુની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી વિકાસ આઈસ્ક્રીમ પાર્લરની આડમાં શહેરમાં ડ્રગ્સની હેરાફેરી કરતો હતો.જોકે, તાજેતરમાં સુરતમાં જીંય્એ ડ્રગ્સ વેચવાની નવી મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ કર્યો હતો. આઈસ્ક્રીમની દુકાનમાં સર્ચ ઓપરેશન હાથ ધરી એસઓજીની તપાસમાં આઈસ્ક્રીમમાં ડ્રગ્સની હાજરી બહાર આવી હતી. આ કેસમાં પોલીસે કુલ ૩ આરોપીઓની ધરપકડ કરી હતી. સર્ચ ઓપરેશનમાં ફૂડ એન્ડ ડ્રગ્સ અને એફએસએલની ટીમો પણ સાથે હતી.

### અનેરા ઉત્સાહ સાથે 'વિશ્વ સિંહ દિવસ'ની ભવ્ય ઉજવણી

## ધારી મંદિર અને ડેમ સાઈટની નજીક આંબરડી સફારી પાર્ક પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો

### વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં ૬૨,૪૫૧ પ્રવાસીઓએ સફારી પાર્કની મુલાકાત લઇ એશિયાઇ સિંહો સહિતના વન્યજીવોને નજીકથી નિહાળવાનો લ્હાવો માણ્યો




અમરેલી , અમરેલી ગીર એ એશિયાટિક સિંહોનું નિવાસસ્થાન છે. ગીરની એક આગવી ઓળખ એટલે એશિયાઇ સિંહનો આ વિસ્તારમાં વસવાટ! હવે, સિંહ સંવર્ધન પ્રત્યે જાગૃત્તિ વધતા સિંહોની વસતીમાં ઉત્તરોતર વધારો થયો છે. વર્ષ ૨૦૨૦માં સિંહની વસતી વધીને ૬૭૪ થઈ છે. ધારી ગળધરા શ્રી ખોડીયાર મંદિર, ખોડિયાર ડેમ સાઇટ નજીક ધારી ખાતે અમરેલીનું નજરાણું કહી શકાય એવો આંબરડી સફારી પાર્ક છે. ૩૮૦ હેક્ટર વિસ્તારમાં વિકસિત થયેલ આ સફારી પાર્ક પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં ૬૨,૪૫૧ પ્રવાસીઓએ સફારી પાર્કની મુલાકાત લીધી હતી. દેશ-વિદેશથી ગીરની પ્રકૃતિને માણવા અને સિંહ દર્શન માટે આવતા પ્રવાસીઓએ એશિયાઇ સિંહો સહિતના વન્યજીવોને નજીકથી નિહાળવાનો લ્હાવો બસ કરીને માણ્યો છે. સફારી પાર્કમાં પ્રવાસીઓની સુવિધા માટે ધારી પૂર્વ વન વિભાગ દ્વારા ૨ એ.સી અને ૩ નોન એ.સી. સહિત પાંચ બસ રાખવામાં આવી છે. વન્યજીવો માટે પીવાના પાણીની વ્યવસ્થા પણ નિયમિત રીતે કરવામાં આવે છે. વન્યજીવોને પીવાના પાણી માટે ૯ પોઇન્ટ બનાવવામાં આવ્યા છે. આ સફારી પાર્કમાં વિવિધ આકર્ષણો વિકસિત કરવામાં આવ્યા છે, જે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. ગીરનું કુદરતી સૌંદર્ય અને ગીરના ડાલામથ્થા સિંહ પ્રવાસીઓને આકર્ષે છે. વેકેશન દરમિયાન વિવિધ રાજ્યો અને વિવિધ દેશના પ્રવાસીઓ ગાંડી ગીરમાં મહેમાન બનીને ગીરના અદ્ભૂત સૌંદર્યને માણે છે. પ્રવાસીઓ ગીરના સૌંદર્યને નિહાળી શકે તે માટે વ્યૂ પોઇન્ટ બનાવવામાં છે. ધારી આંબરડી સફારી પાર્ક ખાતે રિસેપ્શન ડેસ્ક, વેઇટીંગ એરિયા, ફૂડ કોર્ટ, વિશાળ પાર્કિંગ,વોટર અને સેનિટેશન સહિતની ઉત્કૃષ્ટ સુવિધાઓ ઉપલબ્ધ છે. નજીકના ભવિષ્યમાં પ્રવાસીઓ સિંહ સહિતના વન્યપ્રાણીઓની અવાજ સહિતની દુનિયા માણી શકે તે માટે ઈન્ટર પ્રિટેશન સેન્ટરની કામગીરી પ્રગતિ તળે છે. ફેરો સિમેન્ટથી બનેલ એશિયાનું વિશાળ એશિયાટિક સિંહનું પ્રાઈડ, લાયન, મેટલ સિંહ, હરણ સહિતના સ્કલ્પચર અને એમ્ફી થિયેટર સહિતની બાબતો પ્રવાસીઓમાં અનેરું આકર્ષણ બન્યું છે. આંબરડી સફારી પાર્કમાં ડિસ્પ્લે પર રાખવામાં આવેલ સિંહોના હુલામણાં નામ પણ છે. બસ સફારી દરમિયાન શેલજા નામની સિંહણ અને ગીરનો મોસ્ટ ફેમસ ડાલામથ્થો સિમ્બા નામનો હાવજ પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બને છે. પ્રવાસીઓ સિંહોને નિહાળીને બસ સફારીનો રોમાંચક આનંદ માણે છે. આંબરડી સફારી પાર્ક ખાતે બસ સફારીનો આનંદ માણતા પ્રવાસી અને બગસરાના વતની શ્રી બકુલભાઈ કોરાટ જણાવે છે કે, આ સફારી પાર્કમાં અમે એશિયાટિક સિંહોને નજીકથી નિહાળ્યા છે. રાજ્ય સરકાર અને વન વિભાગ દ્વારા આ સફારી પાર્કને ખૂબ સારી રીતે વિકસિત કરવામાં આવી છે. તેમણે ગીર જંગલની પ્રકૃતિને અને વન્યજીવો સૃષ્ટિમાં તરબોળ થવાનો આનંદ માણ્યો હતો અને બસ સફારી દરમિયાન પોતાના અનુભવો જણાવ્યા હતા. ગુજરાત એ વિદેશી પ્રવાસીઓની પ્રથમ પસંદગી બન્યું છે. આંબરડી સફારી પાર્ક એ સૌરાષ્ટ્ર સહિત સમગ્ર રાજ્યનું ગૌરવ છે, પ્રવાસીઓને ઉત્કૃષ્ટ સુવિધાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ ઉલ્લેખનીય છે કે, એશિયાઇ સિંહોના સંરક્ષણ માટે ગુજરાત રાજ્ય વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરી રહ્યુ છે. અમરેલી સહિત સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લામાં વર્કશોપ યોજાશે. સ્થાનિક પ્રતિનિધિઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ, પ્રકૃતિપ્રેમીઓ સહભાગી બનશે. વિશ્વ સિંહ દિવસની ઉજવણી સિંહોના સંરક્ષણ માટેનો એક સહિયારો પ્રયાસ છે. ગુજરાત પ્રવાસનની દ્રષ્ટિએ સમૃદ્ધ રાજ્ય છે. આંબરડી પાર્ક અને તેની વિશેષતાઓ વિશે નાગરિકો જ્ઞાત થાય તે માટે સરકાર દ્વારા વિવિધ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.આલેખન - ડી.એન.વાળા,તસવીર - એમ.એમ.ધડુક,ફિલ્માંકન-ભૂપત પાથર

### બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર દ્વારા

## બાબરામાં વૃક્ષારોપણ કરાયું

### એક પેડ મા કે નામ કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણનું આયોજન



અમરેલી,અમરેલી જીલ્લાના બાબરામાં શ્રીજીનગર સોસાયટીમાં આવેલ બ્રહમાકુમારીઝ કેન્દ્ર દ્વારા પ્રકૃતિને સાથ આપવા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા એક પેડ માં કે નામ અભિયાન ચાલી રહયું છે. તેના ભાગરૂપે વધુ ઓકિસજન આપનાર વૃક્ષનું કેન્દ્રસંચાલિકા બી.કે. ઉષાબેનને ગોડલી ગાર્ડન અમરેલીના બી.કે.આઈ.પી. બારડ, બી.કે. રાજેન્દ્રભાઈ, બી.કે. દિનેશભાઈ બાબર, બી.કે. ચંદુભાઈ કોટીયા, બી.કે. ડાયાભાઈ કારટીયા,હરેશભાઈ બસીયા, કૈલાસબેન, શોભનાબેન, જયાબેન, નાની બાળા યશ્વી, નેન્સી, સહિતે વૃક્ષારોપણ કર્યુ હતું. કાર્યક્રમનું આયોજન કરવા બદલ અમરેલી સેવા કેન્દ્રના સંચાલિકા ગીતાદીદીને બિરદાવ્યા હતા.

### સારહિ યુથ કલબને ૨૫ વર્ષ પુરા થતાં ઉજવણી

## ખાંભામાં નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

### સારહિ યુથ કલબ ઓફ અમરેલી દ્વારા આયોજન



અમરેલી,તા.૦૪/૦૮/૨૦૨૪ ને રવિવાર ના રોજ ખાંભા મુકામે સારહી યુથ ક્લબ ઓફ અમરેલી નાં ૨૫ વર્ષ પૂર્ણ થતાં સેવા વર્ષ ની ઉજવણી નાં ભાગરૂપે શ્રી સારહી યુથ કલબ ઓફ અમરેલી પ્રમુખશ્રી મુકેશભાઈ સંઘાણીના આર્થિક સહયોગ થી સાથો સાથ સત્યમ ઝેરોક્ષ ખાંભાના સહયોગથી તેમજ સુદર્શન નેત્રાલય અમરેલી ના સહયોગ થી વિનામૂલ્યે નેત્ર નીંદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ રાખેલ જેમાં ૧૫૬ આંખોના દર્દીની તપાસ કરવામાં આવી, ૨૭ મોતિયા ના દર્દીને વિનામૂલ્યે ખાંભા થી અમરેલી સુદર્શન હોસ્પિટલ અમરેલી ખાતે ઓપરેશન માં મોકલવામાં આવેલ તેમજ ૩૭ દર્દીને ચશ્મા પણ આપવામાં આવેલ,સુદર્શન નેત્રાલય અમરેલી નાં ડોક્ટરશ્રીઓએ આંખ નાં તમામ રોગોની વિનામૂલ્યે તપાસ કરેલ.આ અવસરે ઉપસ્થિત રહેતા સારહી યુથ ક્લબ ઓફ અમરેલીનાં પદાધિકારી શ્રી સુરેશભાઈ શેખવા સહિત નાં મહાનુભાવો એ હાજરી આપી અને દર્દી નારાયણ ની વ્યવસ્થા અને સેવા કરેલ હતી.

## અમરેલી સારહિ તપોવન આશ્રમમાં રૂપિયા ૫૧૦૦નું અનુદાન અપાયું

### મનોજભાઇ કાબરીયા દ્વારા માતૃશ્રીના સ્મરણાર્થે દાન



અમરેલી,સેવાને સરનામે—ઉમળકા સાથે તા. ૦૫-૦૮-૨૦૨૪ નાં રોજ શ્રી મનોજભાઈ કાબરીયાના માતૃશ્રી સ્વ. અરુણાબેન અનિલભાઈ કાબરીયા ના સ્મણાર્થે (હ શ્રીમતી મનીષાબેન જીગ્નેશભાઈ ઠુંમર) તરફ થી સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ માં ૫,૧૦૦/- રૂ. નુ અનુદાન આપેલ સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થા ની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્ન દ્રષ્ટા - પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી.સારહિ પરિવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

## મોરબીમાં કોંગ્રેસ દ્વારા ન્યાય યાત્રાનો પ્રારંભ

મોરબી,

ગુજરાતના પીડિત પરિવારોને ન્યાય અપાવવા માટે કોંગ્રેસ દ્વારા ન્યાયયાત્રાની શરૂઆત મોરબીથી કરવામાં આવી, વડોદરા હરણી બોટ કાંડ, મોરબી બ્રીજ કાંડ, રાજકોટ ગેમઝોન અગ્નિકાંડ, કાંકરિયા રાઈડ કાંડ, તક્ષશિલા આગ કાંડ જેવી ઘટનાના પીડિતોને ન્યાય અપાવવા માટે કોંગ્રેસ દ્વારા આ યાત્રા નું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા ૨૩ ઓગસ્ટે ગાંધીનગર ખાતે પુરી થશે. દરરોજ આ યાત્રામાં ૧૦૦ લોકો ૨૦-૨૫ કિલોમીટર પદયાત્રા કરશે. આજે આ યાત્રાની શરૂઆત દરબારગઢ ખાતેથી થઈ હતી. ગુજરાત વિધાનસભાના વિપક્ષના નેતા અમિત ચાવડા, પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય જિગ્નેશ મેવાણી, પ્રગતિ આહીર, અમીબેન, મોરબી જિલ્લા કોંગ્રેસના પ્રમુખ કિશોર ચીખલીયા, માજી ધારાસભ્ય અને ગુજરાત પ્રદેશ સેવા દળના પ્રમુખ લાલજી દેસાઈ, ગુજરાત કિસાન કોંગ્રેસના પ્રમુખ પાલભાઈ આંબલીયા, ધારાસભ્ય વિમલ ચુડાસમા સહિતના કોંગ્રેસના આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકર્તાઓ તેમજ ઝૂલતા પુલ દુર્ઘટનામાં પોતાના સ્વજનો ગુમાવનાર પરિવારો હાજર રહ્યા હતા.

## અમદાવાદમાં ઇન્સ્ટાગ્રામ દ્વારા પ્રેમ થયો અને પ્રેમીએ દગો આપ્યો

અમદાવાદ,અમદાવાદના મણિનગર વિસ્તારમાં રહેતા એક ૩૫ વર્ષીય મહિલાના લગ્ન ૨૦૦૫માં થયા હતા, તેમના લગ્નજીવન માં પતિ પત્ની વચ્ચે મનમેળ ન રહેતા મહિલાએ પતિ સાથે છુટાછેડા લઈ લીધા હતા. જે બાદ વર્ષ ૨૦૨૧માં મહિલાને ઈન્સ્ટાગ્રામ મારફતે જામનગરના ભાગ્યરાજસિંહ જાડેજા નામનાં યુવક સાથે પરિચય થયો. યુવક મહિલા કરતા ૧૨ વર્ષ નાનો હતો, જોકે બન્ને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. જેના કારણે આરોપી અવારનવાર મહિલાના ઘરે આવતો અને તેને રાજકોટમાં હોટલોમાં લઈ જઈ લગ્ન કરી લઈશ તેવુ જણાવી શારિરીક સંબંધ બાંધતો હતો. વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૪ સુધીમાં આરોપી યુવકે મહિલાને પ્રેમજાળમાં ફસાવી તેની પાસેથી બે આઈફોન, એક અન્ય ફોન, એપલની વોચ, સોનાની વીંટી- ચેઈન, કાનની કડી સહિતની મોંધી ભેટો લીધી તેમજ ખાતામાં ટુકડે ટુકડે ૧૧.૩૮ લાખ મેળવ્યા હતા. આ સમગ્ર બાબતે પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે.

## ધારગણીના અવધ ટાઇમ્સ દૈનિકના પત્રકાર ગૌરાંગ વાળાનો આજે જન્મદિન

### જન્મદિન નિમિતે શુભકામનાનો ધોધ વછુટશે



અમરેલી,

ધારગણીના અવધ ટાઇમ્સ દૈનિકના યુવાન અને જાગૃત પત્રકાર ગૌરાંગ આર. વાળાનો આજે જન્મદિવસ છે. સેવા કાર્યો સાથે તેઓ જન્મદિન ઉજવશે. શ્રી વાળાના જન્મદિને વિવિધ આગેવાનો અને ગ્રામજનો સહિત આજે શુભકામનાઓનો ધોધ વહેતો કરશે.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ
બ્યુરો ચીફ
સંજય રાઠોડ

### જિલ્લા આપતિ વ્યવસ્થાપન કેન્દ્ર દ્વારા

## ગીર સોમનાથમાં આપદા મિત્રો માટે રીફ્રેશ તાલીમ યોજાઇ

### ફાયર, આરોગ્ય વિભાગ રેડક્રોસ સોસાયટીના સહયોગથી આયોજન



ગીર સોમનાથ,


ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની સૂચના અન્વયે અને નિવાસી અધિક કલેકટર શ્રી રાજેશ આલના માર્ગદર્શન હેઠળ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર દ્વારા આપદા મિત્રોને એક દિવસીય રિફ્રેશ તાલીમ આપવામાં આવી હતી.જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રના જિલ્લા પ્રોજેકટ ઓફિસર (DPO) દ્વારા જિલ્લાના આપદા મિત્રોને ફાયર વિભાગ, આરોગ્ય વિભાગ અને ૧૦૮ ઈમરજન્સી તેમજ રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી ભૂકંપ, પૂર વગેરે ડિઝાસ્ટરની પરિસ્થિતિમાં શું કરવું, શું ન કરવું વગેરે જેવા વિવિધ વિષયો પર આપદા મિત્રોને રિફ્રેશર તાલીમ આપવામાં આવી હતી.આ તાલીમમાં જિલ્લા પ્રોજેકટ ઓફિસર, જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર ગીર સોમનાથનો તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ
બ્યુરો ચીફ
હિતેષ પારેખ

## ગડુ પ્રા. શાળામાં ૩૫ કુંડી ગૌ ગાયત્રી યજ્ઞ યોજાયો

### ગં. સ્વ. પુષ્પાબેન મોહનલાલ રાવલના આત્માશ્રેયાર્થે આયોજન



જુનાગઢ,શ્રી ગડું પ્રાથમિક શાળા ના આચાર્યે કૈલાશ વાસી વિપ્ર. મોહનલાલ માધવજી રાવલ અને શિક્ષિકા ગં.સ્વરૂપ સ્વ. પુષ્પા બેન મોહનલાલ રાવલ ના આત્મા શ્રેયાર્થે શ્રી ગડું પ્રથામિક શાળા ના નવા માં શ્રાવણ માસ ના પ્રથમ સોમવારે ૩૫ કુંડી શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ નું દિવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ. શાળા ના વિદ્યાર્થી ઓ મુખ્ય યજમાન પદે રહ્યા હતા. મૂળ માણાવદર ના માણાવદર થી બદલી માં આવેલા શ્રી ગડું પ્રાથમિક શાળા ના આચાર્યે શ્રી મોહનભાઈ રાવલ અને શિક્ષિકા શ્રી મતી બેન મોહનલાલ રાવલ ૧૧/૦૪/ ૧૯૭૦ થી ૦૬/૦૭/૧૯૭૧ સુધી શિક્ષક તરીકે ફરજ બજાવી હતી. શ્રી ગડું પ્રાથમિક શાળા અને શાળા ના બાળકો ની વિશેષ આપવાની ભાવના થી ભારતીય સંસ્કૃતિ સંસ્કાર અને પર્યાવરણ અને પ્રકૃતિ ના જતન માટે શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ નું આયોજન તેમના પરિવારે કર્યું હતું. શ્રી ગડું પ્રાથમિક ના આચાર્યે મનીષભાઈ વાઢેર ના માર્ગદર્શન હેઠળ શાળા ના વિશાળ પરિસર માં ૩૦૦ બાળકો ને શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ ના સંયોજક બ્રહ્મ પુત્ર માં નર્મદા પ્રેમી અને ગો ઉપાસક મયૂર મો રાવલે પર્યાવરણ ની શુદ્ધિ અને સંસ્કૃતિ ના જતન માટે યાગ યજ્ઞ જરૂરી છે તેની જાણકારી બાદ ગો કરી, ગરવા ગુજરાત ની જીવા દોરી નર્મદા નદી નું નર્મદા પુરાણ નું પૂજન, ધેનુ માનસ નું પૂજન કરી ૩૫ કુંડી શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ નો પ્રારંભ થયો હતો. શ્રી ગણેશ ગાયત્રી મંત્ર માળા હોમ, શ્રી ગાયત્રી મંત્ર માળા હોમ , શ્રી સુરભી ગો માતા ના મંત્ર માળા નો હોમ સાથે જય મંત્ર ની ૧૧ આહુતિ અર્પણ કરવામાં આવી હતી. સોપારી થી બીડું હોમી આરતી અને ૩૫ કુંડી શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ ની પૂર્ણાહુતિ થઈ. શ્રી વિનય આશ્રમ વાળા કથાકાર પૂજ્ય વિનય વ્યાસ જી આશીર્વાદ પાઠવ્યા હતા. શાળાના આચાર્ય શ્રી મનીષભાઈ વાઢેર, સ્ટાફ પરિવાર, શ્રી દેવદાસ બાપુ દેવમોરારી, શ્રી રસિક ભાઈ રાઠોડ ભંડુરીવાળા ભીખારામ બાપુ હરિયાણી અને વિજય ભાઈ પરમાર અને શાળા ના વિદ્યાર્થી ગણે જહેમત ઉઠાવવી હતી.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ
બ્યુરો ચીફ
જયશ્રી મહેતા

## કચ્છ જિલ્લામાં નેનો ફર્ટીલાઈઝર ખાતરમાં સરકારી સહાયતાના ધોરણે ખેડૂતો ખરીદી કરી શકશે

ભુજ,

નેનો યુરિયા (પ્રવાહી)એ ભારતસરકારના ફર્ટિલાઈઝર કન્ટ્રોલ ઓર્ડર (એફ.સી.ઓ.) દ્વારા સૂચિત વિશ્વનું પ્રથમ નેનો ખાતર છે. જેના થકી, છોડને નાઈટ્રોજન કેફોસ્ફરસ જેવાં તત્વો પ્રવાહી સ્વરૂપમાં સીધા છોડને ઉપલબ્ધ કરાવી શકાશે. નેનો ફર્ટિલાઈઝર પોષક તત્વોથી સમૃદ્ધ, જમીન, પાણી અને હવાના પ્રદૂષણને ઘટાડવામાં સમર્થ છે.તેમજ નેનો ફર્ટિલાઈઝરનો પરિવહન અને જાળવણી ખર્ચ પણ ઓછો છે.સ્પ્રેના કારણે, આ યુરિયા તેમજ ડીએપીનો સંતુલિત ઉપયોગ થાય છે, જે પર્યાવરણ માટે સારું છે. નેનો ફર્ટિલાઈઝરના સંતુલિત ઉપયોગને કારણે છોડમાં રોગો અને જીવાતોનું જોખમ નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે તેમજ તેનો ઉપયોગ અનાજ, કઠોળ, શાકભાજી, ફળ, ફૂલ અન્ય સહિત તમામ પાકોમાં ઉપયોગ કરી શકાય છે. ખેતીમાં યુરિયાના આડેધડ ઉપયોગથી બચવા માટેની ગંભીર સમસ્યાથી છૂટકારો મેળવવા માટે પણ નેનો ફર્ટિલાઈઝર દરેક તબકકે વરદાન સાબિત થશે. નેનો યુરિયા ખેડૂતોને રૂ. ૨૨૫ રૂપિયા પ્રતિ બોટલ તથા નેનો ડીએપી રૂ. ૬૦૦ પ્રતિ બોટલના ભાવે ઉપલબ્ધ થશે. જે પરંપરાગત યુરિયાની બેગ કરતાં ૧૦ ટકા તથા ડીએપી બેગ કરતાં ૫૦ ટકા ઓછી કિંમતે ઉપલબ્ધ થશે. આથી ખેડૂતો દ્વારા ખેતી પાછળ કરવામાં આવતા ખાતર ખર્ચમાં પણ નોંધપાત્ર ઘટાડો કરી શકાશે.






અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૧૫-૦૮-૨૦૨૪ ગુરૂવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
૬૨,૫૫૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૧૩-૦૮-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ શ્રાવણ સૂદ ૧૦ વર્ષ : ૨૮ અંક ૩૧૩

## રક્ષા મંત્રી રાજનાથ સિંહે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં વધી આતંકવાદ ઘટનાઓ પર એક મહત્વપૂર્ણ બેઠક બોલાવી

# ડોડા એન્કાઉન્ટરમાં કેપ્ટન શહીદ, ૪ આતંકવાદી માર્યા ગયાની આશંકા

### આ દૂરમિયાન જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લામાં આતંકવાદૃીઓ અને સુરક્ષા દૃળો વચ્ચે ભારે અથડામણ ચાલી રહી છે



### આ એક્રાઉન્ટર ગઈ કાલે પટનીટોપને અડીને આવેલા જંગલ વિસ્તારમાં શરૂ થયું હતું. ભારતીય સેનાએ આ ઓપરેશનને ઓપરેશન નામ આપ્યું છે

નવી દૃિલ્હી,

રક્ષા મંત્રી રાજનાથ સિંહે, આજે બુધવારે કેન્દ્ર શાસિત પ્રદૃેશ જમ્મુ અને કાશ્મીરમાં વધી આતંકવાદૃ સંબંધિત ઘટનાઓ પર એક મહત્વપૂર્ણ બેઠક બોલાવી હતી. આ દૃરમિયાન જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લામાં આતંકવાદૃીઓ અને સુરક્ષા દૃળો વચ્ચે ભારે અથડામણ ચાલી રહી છે.

ઓપરેશન દૃરમિયાન ભારતીય સેનાની ૪૮ રાષ્ટ્રીય રાઈફલ્સના એક કેપ્ટન શહીદૃ થયા છે. આ જાણકારી સેના દ્વારા આપવામાં આવી છે. સાથે જ અધિકારીઓનું કહેવું છે સુરક્ષા દૃળોએ ચાર આતંકવાદૃીને ઠાર માર્યાની વાત છે, પરંતુ તે સંપૂર્ણ તપાસ બાદૃ સત્તાવાર જાહેર થશે. સુરક્ષા દૃળોએ જમ્મુ કાશ્મીરના ડોડા વિસ્તારના શિવગઢ-અસાર બેલ્ટમાં આતંકવાદૃીઓના એક જૂથને ઘેરી લીધું છે. આ સાથે જ વિસ્તારમાં સર્ચ ઓપરેશન પણ ચલાવવામાં આવી રહ્યું છે. ગાઢ જંગલના કારણે જવાનોને આગળ વધવામાં મુશ્કેલીનો કરવો પડી રહ્યો છે. મળતી માહિતી મુજબ, એક્રાઉન્ટર દૃરમિયાન એક નાગરિક પણ ઘાયલ થયો હતો, જેની સારવાર ચાલી રહી છે. જ્યારે, સૈનિકોએ આતંકવાદૃીઓની એક રાઈફલ અને ૩ બેગ મળી આવી છે. આ એક્રાઉન્ટર ગઈ કાલે પટનીટોપને અડીને આવેલા જંગલ વિસ્તારમાં શરૂ થયું હતું. ભારતીય સેનાએ આ ઓપરેશનને ઓપરેશન નામ આપ્યું છે. એક અધિકારીએ જણાવ્યું કે, આતંકવાદૃીઓ જંગલમાં એક નદૃી પાસે છુપાયેલા છે. સુરક્ષાદૃળો અને આતંકવાદૃીઓ વચ્ચે સમયાંતરે ગોળીબાર થઈ રહ્યો છે. સૈનિકોએ દૃરમિયાન પણ તેમની સ્થિતિ જાળવી રાખી હતી. દૃિવસનો પ્રકાશ પડતાં જ ફરી, આતંકવાદૃીઓની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

આજે સવારે ૭.૩૦ વાગ્યાની આસપાસ ફરીથી ગોળીબાર શરૂ થયો હતો. અહીં, જમ્મુ-કાશ્મીરની સુરક્ષાને લઈને ??દૃિલ્હીમાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં સંરક્ષણ સચિવ ગિરધર અરમાને, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, આર્મી ચીફ ઉપેન્દ્ર દ્વિવેદૃી, સૈન્ય ઓપરેશન્સના મહાનિર્દૃેશક-લેટનન્ટ જનરલ પ્રતીક શર્મા અને સુરક્ષાના વડાઓએ હાજરી આપી હતી. સંબંધિત એજન્સીઓના વડાઓ હાજર રહ્યા હતા. આ બેઠક સાઉથ બ્લોકમાં હતી. આ બેઠક સ્વતંત્રતા દૃિવસના એક દૃિવસ પહેલા ૧૪ ઓગસ્ટે બની હતી.

સ્વતંત્રતા દૃિવસના અવસર પર સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દૃળોને હાઈ પર રાખવામાં આવ્યા છે. આ પહેલા ગત ૧૦ ઓગસ્ટના રોજ અનંતનાગમાં આતંકવાદૃીઓ અને સુરક્ષા દૃળો વચ્ચેની અથડામણમાં બે જવાનો શહીદૃ થયા હતા અને એક શહીદૃ થયો હતો. અનંતનાગના કોકરનાગ વિસ્તારમાં ભારતીય સેના, જમ્મુ અને કાશ્મીર પોલીસ અને ઝઈં઼ દ્વારા શરૂ કરાયેલ સંયુક્ત ઓપરેશન દૃરમિયાન એક્રાઉન્ટર શરૂ થયું હતું. દૃીપક કુમાર યાદૃવ અને લાન્સ નાઈક પ્રવીણ શર્માએ અનંતનાગમાં ફરજના સમયે જીવ ગુમાવ્યો હતો. આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદૃી અને ભારતીય સેનાના તમામ રેક્રોએ દૃરમિયાન જીવ ગુમાવનારા હવાલદૃાર દૃીપક કુમાર યાદૃવ અને લાન્સ નાઈક પ્રવીણ શર્માને શ્રદ્ધાંજલિ આપી હતી.

## ધારાસભ્યશ્રી જનકભાઇ તળાવીયાના પ્રયાસોથી મંજુરી મળતાં

# બાબરાના પાનસડામાં ૪૫ લાખના ખર્ચે પેટા આરોગ્ય કેન્દ્ર બનશે

### પેટા આરોગ્ય કેન્દ્રનું ખાતમુહુર્ત કરાયું : ભાજપના આગેવાનો, પદાધિકારીઓ અને આરોગ્ય અધિકારીઓની ઉપસ્થિતિ

બાબરા,

બાબરા તાલુકાના પાનસડા ગામે રૂ.૪૫ લાખના ખર્ચે નવનિર્માણ પામનાર પેટા આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયાંના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામજનો અને અન્ય મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બાબરા તાલુકાના પાનસડા ગામે પેટા આરોગ્ય કેન્દ્રનું નિર્માણ થવા જનાર છે ત્યારે આજ રોજ ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયાંના હસ્તે ખાત મુહર્ત કરવામાં આવ્યું હતું. સરકાર દ્વારા પાયાની સુવિધાઓને ધ્યાને રાખીને આરોગ્ય ક્ષેત્રે સતત ઉન્નતિશીલ કામ કરવામાં આવી રહ્યું છે. પાનસડા ગામમાં નવું પેટા આરોગ્ય કેન્દ્ર બનવાથી ગ્રામજનોને ત્વરિત અને સુલભ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થશે. આ કેન્દ્ર નવીનતમ તબીબી સુવિધાઓથી સજ્જ હશે, જેથી ગામના લોકોએ આરોગ્ય સંબંધિત મુદ્દાઓ માટે લાંબા અંતરે શહેરની હોસ્પિટલોમાં જવાનું ટાળી શકાશે. ખાતમુહૂર્ત સમારોહ દરમિયાન ગામના લોકોમાં આ નવીન આરોગ્ય કેન્દ્ર પ્રત્યે આશાઓની લહેર જોવા મળી હતી અને દરેકે છેલ્લા ઘણા સમયથી અનેક વિકાસના કામો લાઠી તેમજ બાબરા પંથકમાં લાવનાર અને ખાસ કરીને આરોગ્યની સુવિધાઓને લઈને સતત પ્રયત્નશીલ ધારાસભ્યશ્રીના યોગદાનની પ્રશંસા કરી હતી. આ યોજના થકી પાનસડા ગામ અને આસપાસના વિસ્તારોમાં આરોગ્ય સેવાઓની સુવિધામાં મહત્વપૂર્ણ સુધારો થશે, અને આ દિશામાં ધારાસભ્યશ્રીના પ્રયાસો વખાણ યોગ્ય છે.

આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયત ના પ્રભાતભાઈ કોઠીવાળ, તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા, મહેશભાઈ ભાયાણી ભાજપ આગેવાન, તાલુકા ભાજપ મહામંત્રી હીતેષભાઈ કલકાણી, ગામના સરપંચશ્રી, ઉપસરપંચશ્રી, તમામ ગ્રામ પંચાયત ના સદસ્યશ્રીઓ તેમજ આગેવાનો આરોગ્ય વિભાગ ના અધીકારી અને કર્મચારીઓ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ચાંદગઢમાં બિરાજતાં ઓમ દુધેશ્વર મહાદેવ



ચાંદગઢ, (ગીરીશ ઠાકર)

અમરેલી તાલુકાના ચાંદગઢ ગામે પાદરમાં બિરાજતાં ઓમ દુધેશ્વર મહાદેવ આવેલ છે. શ્રાવણ માસ શિવમય બની ગામના લોકો દર્શન કરવા આવે છે. શ્રાવણ માસના સોમવારે બપોરના અને સાંજે ૧૦૮ દિવડાની દિપ માળા થાય છે. શિવજીના અડીને બે મંદિર આવેલ છે. જુના મંદિરની બાજુમાં જ નવુ શિવ મંદિર છે. હાલ પુજારી ભરતપરી જસુપરી ગોસાઇ સેવા પુજા કરે છે. મહાવીરભાઈ ભીખુભાઈ ખુમાણ દિપ માળાના દર્શન કરતાં તસ્વીરમાં નજરે પડે છે.

# ભાવનગર સોમનાથ નેશનલ હાઇવેમાં વાહન હડફેટે આવતા સિંહો બચી ગયાનો વિડીયો વાયરલ

### વાહનચાલકે બ્રેક ન લગાવત તો સિંહો ભોગ બનત : સિંહોની સુરક્ષાના સવાલો

રાજુલા, (જયદેવ વરૂ)

રાજુલા જાફરાબાદ વિસ્તાર માંથી પસાર થતો ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે ઉપર મોડી રાતે સિંહોનો વાહન સાથે અકસ્માત થતા થતા અટકી જતા સિંહો બચી ગયા છે અહીં જાફરાબાદ તાલુકાના બાલાનીવાવ કાગવદર વચ્ચે દરોજ સિંહો રોડ ક્રોસ કરવાની ઘટનાઓ સામે આવી રહી છે મોડી રાતે સિંહ સિંહણ સિંહબાળ ૬ નું ગ્રુપ અચાનક રોડ ઉપર ક્રોસ કરવા માટે ચડતા ઉના તરફથી પુરપાટ સ્પીડે વાહન ચાલક આવી રહ્યો હતો અને સિંહનું ગ્રુપ રોડ ક્રોસ કરતું હતું આ વચ્ચે નજીક પોહચતા સિંહનું ટોળું જોય બ્રેક મારતા સ્પીડ ઘટી અને સિંહો ફફડી જતા ઉભા રહ્યા જેના કારણે મોટો અકસ્માત થતા અટક્યો હતો જોકે આ ઘટના બન્યા બાદ સ્થાનિક લોકોએ વીડિયો ઉતારી લેતા સોશ્યલ મીડિયામા વાયરલ થયો છે અહીં મોટી દુર્ઘટના બનતા મોડી રાતે અટકી હતી જોકે સમગ્ર ઘટનામાં સિંહોની સુરક્ષા સામે ગંભીર ખતરો ટોળાય રહ્યો છે વનવિભાગ દ્વારા સિંહોની સુરક્ષા વધારવામાં નહિ આવે તો અહીં અગાવની જેમ ફરી અકસ્માત થવાની સંભાવના જોવા મળી રહી છે.

રેલવે ટ્રેક ઉપર અકસ્માતનો ખતરો જોવા મળી રહ્યો છે એવી જ રીતે રાજુલાના ચારનાળા વિસ્તારથી જાફરાબાદ તાલુકાના કાગવદર બાલાનીવાવ નાગેશ્રી ટીંબી હેમાળ સુધી નેશનલ હાઈવે ઉપર સિંહો ૨૪ કલાક દરમ્યાન ગમે ત્યારે અકસ્માત થવાની શકયતા જોવા મળી રહી છે.તે અતિ ચિંતાજનક સ્થિતિ સર્જાઈ શકે છે.૭ વર્ષ પહેલા આ ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે ઉપર જાફરાબાદ તાલુકાના જીકાદરીના પાટીયા પાસે ૨ સિંહબાળના અજાણીયા વાહન હડફેટે મોત નિપજ્યા હતા વનવિભાગને આજ સુધી વાહન ચાલક મળ્યો નથી ત્યારબાદ મીઠાપુર ગામ નજીક પણ સિંહના અકસ્માતની ઘટના બની હતી ત્યારે સિંહોની સુરક્ષા વધારવામાં નહિ આવે તો અહીં ફરીવાર સિંહોના અકસ્માતનું પુનરાવર્તન થાય તેવો સ્થાનિક લોકોમાં ગણગણાટ ચાલી રહ્યો છે.

# મોટા સમઢીયાળામાં બેન્ક અને પોસ્ટના કર્મચારીઓની ઉતમ સેવા

### અભણ અને આદિવાસી શ્રમિકોને જરૂરી કામ કાજમાં સહયોગ આપી રહ્યા છે

અમરેલી, ખાંભા તાલુકાના મોટા સમઢીયા ગામે એસબીઆઇ તથા સબ પોસ્ટ કચેરીના કર્મચારીઓ સાચા અર્થમાં કર્મ એ જ ધર્મનું સુત્ર સાર્થક કરી સાચા કર્મયોગી બની રહેલ છે. બેન્કના મેનેજર શ્રી પરમાર તેમજ કેશિયર જે.કે. મીના, ચૌહાણભાઇ આત્રણેય કર્મચારીઓ કોઈ પણ સમયની દરકાર કર્યા વિના બેન્કના ગ્રાહકોને ખાસ કરીને અભણ અને આદિવાસી શ્રમિકોને બેન્કમાં પૈસા જમા કરાવવા કે ઉપાડવામાં તેમજ પાસમાં પ્રિન્ટ કરી આપવામાં પોતાનો સહયોગ આપી છે. તેમજ સબ પોસ્ટ ઓફિસમાં પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવતાં શ્રી વરડાંગર તેમજ પોસ્ટ મેન આધાર કાર્ડની કામગીરી કરતાં કૃણાલભાઇ વ્યાસ દ્વારા પણ કર્મ એ જ ધર્મનું સુત્ર સાર્થક કરેલ છે. અને બેન્કમાં આવતાં ગ્રાહકોને પૈસા જમા કરવા કે ઉપાડવા તેમજ બહારના રાજયના શ્રમિકોને વિના વિલંબે આધારકાર્ડની કામગીરી કરી આપે છે. આમ બેન્ક અને પોસ્ટના કર્મચારીઓ ગ્રાહકોને ઉપયોગી બની રહ્યા છે. તેમ અરવિંદ કાલાવડીયાની યાદીમાં જણાવાયું છે.

# લીલીયા બસ સ્ટેશન છે કે વાહન પાર્કિંગ ?

### બસ સ્ટેશનમાં પેસેન્જરો માટે સુવિધાનો અભાવ



લીલીયા, (મહેશ દવે)

લીલીયા ૩૭ ગામોનો તાલુકો છે. શહેરની મધ્યમાં ખોડીદાસ ઠકકર નામથી બસ સ્ટેન્ડ બનેલ છે. જે બસ સ્ટેશન છે કે વાહન પાર્કિંગ તે સમજ પડતી નથી. બસ સ્ટેશનમાં સાફસફાઈ થતી નથી. પાણીની સુવિધા નથી, ટાઇમ ટેબલ કે લાઇટનો કોઈ વ્યવસ્થા નથી, બસ સ્ટેશનમાં પેસેન્જર બેસવા જાય તો ધુળની પથારી પાથરેલ હોય તેવું ગંદુ જોવા મળે છે. આ અંગે અમારા પ્રતિનિધી મહેશભાઇ દવેએ ગ્રામ પંચાયતના મંત્રીએ સરપંચને રૂબરૂ રજુઆત કરવા છતાં તેમજ આ સમાચારો અખબારોમાં આપવા છતાં નકકર પગલા લેવાયેલ નથી. તેમજ ભાજપના કાર્યાલયે ભીખાભાઇ ધોરાજીયા, જિલ્લા પંચાયત સદસ્યને તાલુકા પંચાયત સદસ્યને ગ્રામ પંચાયત સદસ્ય અને આર.બી. ભાલાળા, યોગેશભાઇ દવેને બસ સ્ટેશન બાબતે રૂબરૂ લાવીને નજરે બતાવેલ છતાં પણ બસ સ્ટેશનનો ગંભીર પ્રશ્ન ઉકેલાયો નથી. અને તંત્રના પેટનું પાણી પણ હલતું નથી તો મુસાફરો માટે બસ સ્ટેશનમાં કયારે સુવિધાઓ ઉભી કરાશે. તેવો વેધક સવાલ લોકોમાં ચર્ચાઇ રહ્યો છે.

## સાવરકુંડલા આહીર સમાજની એક ખૂબ જ અગત્યની મિટિંગ

# સાવરકુંડલા આહિર સમાજની બેઠક મળી

### ઉત્કર્ષ માટે બેઠકમાં જન્માષ્ટમી પર્વ ધામધુમથી ઉજવવા નિર્ણય કર્યો

સાવરકુંડલા,

સાવરકુંડલા આહીર સમાજની એક ખૂબ જ અગત્યની મિટિંગ તારીખ ૧૨/૦૮/૨૦૨૪ને સોમવારના રોજ સાવરકુંડલા આહીર બોર્ડિંગ ખાતે મળી. મહિનાના દર બીજા સોમવારે સમાજના ઉત્કર્ષ માટે મળતી આ મિટિંગમાં સમાજના વિકાસ ઉપરાંત આ વખતે જન્માષ્ટમીનો ઉત્સવ ધામધૂમથી ઉજવવાનું નક્કી કરેલ છે. જેના આખરી ઓપ માટે તારીખ ૨૦/૦૮/૨૦૨૪ના રોજ ફરી એક કામ વહેંચણી અંગેની અગત્યની મિટિંગનું આયોજન કરેલ છે. હાલમાં આ ઉત્સવમાં હિંડોળા દર્શન, મટુકીફોડ, રાસ- ગરબા, સમૂહ ફરાળ, પ્રસાદ વિતરણ અને સાંસ્કૃતિક તથા સાહિત્યિક કાર્યક્રમનું આયોજન નક્કી કરેલ છે. આ કાર્યક્રમમાં ફરાળના દાતા સાવરકુંડલા આહીર સમાજ પ્રમુખ શ્રી સંજયભાઈ કાતરિયા તથા ઉપપ્રમુખ શ્રી ધર્મેન્દ્રભાઈ કનાલા બન્યા છે. શણગારના દાતા સાવરકુંડલા આહીર સમાજ સહ ખજાનચી શ્રી જયંતિભાઈ હડિયા બન્યા છે. તદુપરાંત જે કોઈ આ અંતર્ગત પોતાનો સ્વેચ્છિક ફાળો અથવા સેવા નોંધાવવા માગતા હોય તેઓને તારીખ ૨૦/૦૮/૨૦૨૪ના રોજ રાત્રે ૮ (આઠ) વાગ્યે આહીર બોર્ડિંગ, સાવરકુંડલા ખાતે હાજર રહેવા અનુરોધ કરવામાં આવે છે.

# ચાંદગઢમાં રાજબાઇ માતાના મંદિર નજીક બિરાજતાં શ્રી સુખનાથ મહાદેવ



ચાંદગઢ, (ગીરીશ ઠાકર) અમરેલી તાલુકાના ચાંદગઢ ગામે રાજબાઈ માતાજીના મઢની નજીક બિરાજતાં શ્રી સુખનાથ મહાદેવ આવેલ છે. શ્રાવણ માસમાં ગ્રામજનો શિવમય બની દાદાની સેવા પુજા કરે છે. શિવ મંદિરની બાજુમાં હનુમાનજી મહારાજ પણ લીમડાની વચ્ચો બિરાજમાન છે. નાની એક શિવલીંગ રૂપે શ્રી સુખનાથ મહાદેવ ભકતોની સેવાનું સારૂ ફળ આપે છે. શિવ-શકિત અને નારાયણ ત્રણનો વાસ છે. શ્રી સુખનાથ મહાદેવ શ્રી પાર્વતજી અને રાજબાઈ માતાજી તેમજ લીમડાવાળા હનુમાનજી બિરાજમાન હોવાથી લોકોમાં અનેરી શ્રધ્ધા સાથે સેવા પુજા અને દર્શન કરે છે. શ્રાવણ માસના દર સોમવારે દિપ માળા થાય છે. મંદિરના પુજારી રમેશભાઈ તેરૈયાની યાદીમાં જણાવાયું છે.

# લીલીયાના ભેસાણમાં વિશ્વ સિંહ દિને રેલી યોજાઇ




લીલીયા તાલુકાના ભેસાણમાં પ્રા.શાળાના વિદ્યાર્થી તથા ગ્રામજનો અને આગેવાનો તથા શિક્ષણ સ્ટાફ તથા ગામના સરપંચ જેસીંગભાઈ તથા હિંમતભાઈ ગઢીયા તથા બાવચંદભાઈ (બાપુ) વેકરીયા, મહેશભાઈ પરમાર તથા મધુભાઈ વેકરીયા વગેરેએ ગામની શેરીઓમાં ફરીને લોક જાગૃતિ માટે વિશ્વ સિંહ દિવસની મહારેલીનું સુંદર આયોજન કરેલ તેમ પ્રેસ પ્રતિનિધિ શ્રીકાંતદાદાની યાદીમાં જણાવેલ છે.